ગાંધીનગર સમાચાર

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



શિક્ષણનું ખંન એવું સાંભળ્યું હતું... હદ કરી, હવે શિક્ષકનું ખૂન...!!

# ગાંધીનગર જિલ્લાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનો સુઘડ ખાતે શુભારંભ

## બાળકોના પ્રોજેકટમાં ડેન્ગ્યુનો રોગચાળો ઝળકયો : યોગ, આર્યુવેદ, એકયુપ્રેશરના ત્રિવેણી સંમિશ્રણથી જીવન નિરોગી રાખવા અંગેનો પ્રોજેકટ : સીસીટીવી કેમેરા હોવાની જાણકારી મેળવવી, હાઈડ્રો પાવર, ગાર્બેજ મેનેજમેન્ટ જેવા પ્રોજેકટોએ સંમોહિત કર્યા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન મેળાનો આજથી સુઘડ ખાતે પ્રારંભ થયો હતો. જેમાં પાંચ વિભાગ અંતર્ગત કુલ ૫૦ શાળાઓ ભાગ લઈ રહી છે. જિલ્લામાં પ્રવર્તમાન મચ્છરજન્ય રોગચાળાની અસર આ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં પણ દેખાઈ હતી. પ્રદર્શનનું ઉદઘાટન નવા કોબાની કલાવતી મેણા તથા સુઘડના ગૌતમ ઠાકોર નામના બાળ વૈજ્ઞાનિકોના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રદર્શનના ઉદઘાટન સમારોહમાં સુઘડના સરપંચ પ્રહલાદસિંહ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, ડીપીઓ નટવરસિંહ રાઠોડ, નાયબ ડીપીઓ સંજયભાઈ પરમાર, લાયઝન અધિકારીઓ કે.એસ. પરમાર અને ડી.આર. પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મીઠાભાઈ ચૌધરી તથા મહામંત્રી જગદીશભાઈ પટેલ, જિલ્લા શૈક્ષણિક સંઘના પ્રમુખ મહેરાજભાઈ દેસાઈ તથા મંત્રી હસમુખભાઈ પટેલ, ગુજરાત રાજય શૈક્ષણિક સંઘના ઉપાધ્યક્ષ મનુભાઈ પટેલ, ચારેય તાલુકાના ટીપીઓ, તમામ બીઆરસી, સીઆરસી કક્ષાના અધિકારીઓ, પગાર કેન્દ્ર શાળાઓના આચાર્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.



ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પાંચ વિભાગો જેવા કે સ્વાસ્થ્ય-પોષણ અને સ્વચ્છતા, સ્ત્રોતોનું વ્યવસ્થાપન, ઉદ્યોગો, ખેતી અને ખાદ્ય સુરક્ષા ગુણવત્તા યુકત જીવનમાં ગણિત-આપત્તિ વ્યવસ્થાપન અને અન્ય અંતર્ગત વિદ્યાર્થીઓએ વિવિધ પ્રોજેકટ પ્રસ્તુત કર્યા છે. હાલમાં ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગચાળો જે રીતે વકર્યો છે તેના અનુસંધાને ડેન્ગ્યુના જીવાણુઓનો સફાયો કેવી રીતે કરવો તે અંગેનો

● અનુસંધાન પાના ૭ પર

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લાના પોલીસ અધિક્ષક શ્રી વિરેન્દ્રસિંહ યાદવ વાઈરલ ફિવરની ઝપટમાં આવી ગયા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના નિદાન માટે એલાયઝા ટેસ્ટની સુવિધા કાર્યરત થઈ ચુકી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની અપીલ સમિતિની આજે બેઠક મળી હતી.

● ગાંધીનગર મહાનગર પાલિકાના ફૂડ સેફટી વિભાગે બે દિવસમાં ૨૬ દુકાનો પર દરોડા પાડી દંડનીય કાર્યવાહી કરી છે.

● અંબોડ ખાતે યોજાતા અશ્વમેળાના આયોજનને લઈ જિલ્લા વહીવટીતંત્રની ઉચ્ચસ્તરીય ટીમ આજે અંબોડ ગઈ હતી અને સ્થળ પર સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર તાલુકાના સુઘડની પ્રા. શાળામાં તાલુકા અને જિલ્લાકક્ષાનું ગણિ-વિજ્ઞાન પ્રદર્શન યોજવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.

● રૂપાલ વરદાયિની પ્રા. શાળામાં આજે બાલ સંસદનું આયોજન કરવામાં આવ્યું છે.

# વિકલાંગ બાળકોમાં આત્મવિશ્વાસનું સિંચન થાય તેવા પ્રયાસો પર ભાર મુકતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા. ૭

શ્રી અને શ્રીમતી છગનભાઈ શામજીભાઈ વિરાણી બહેરાં-મુંગા શાળાના બાળકોએ ગઈકાલે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીની મુલાકાત લીધી હતી.

રાજયપાલશ્રીએ શાળાના બાળકો સાથે તેમના શિક્ષકો મારફતે વાર્તાલાપ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વિકલાંગ બાળકો શિક્ષિત બને અને તેમનામાં આત્મવિશ્વાસનું સિંચન થાય તે ખૂબ જ આવશ્યક છે. શિક્ષણ અને આત્મવિશ્વાસ થકી તેઓ સમાજના મુખ્ય પ્રવાહમાં સમ્મિલિત થઈ સામાન્ય જીવન વ્યતીત કરવા સક્ષમ બને, તેમને અનુકૂળ થાય તેવી વ્યવસાયિક કુશળતા તેઓ પ્રાપ્ત કરે તે માટે તેમને તાલીમ મળે તેવા પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

આ પ્રસંગે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ઉપાધ્યક્ષ શ્રી રાજુભાઈ ધ્રુવ, શાળાન શિક્ષકો અને સંચાલક મંડળના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.





ગોવા ખાતે લોકલ સેલ્ફ ગર્વમેન્ટ પદાધિકારીઓના તાલીમ વર્ગનું ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિક પટેલના હસ્તે ઉદ્‌ઘાટન થયું હતું. આ તાલીમ કાર્યક્રમમાં ગાંધીનગર ઉપરાંત પણજી, રત્નાગીરી, ચોટીલાના પદાધિકારીઓ ભાગ લઈ રહ્યા છે. ૫ થી ૯ ઑક્ટોબર દરમિયાન આ કાર્યશાળા ચાલવાની છે.

# સરહદી સીમાની સુરક્ષા માટે ભારતીય દળો સંપૂર્ણ સજ્જ : એર માર્શલ આર.કે. ધીર

ગાંધીનગર, તા.૭

દેશની સરહદી સીમાઓની સુરક્ષા માટે ભારતીય વાયુ દળ, થલસેના અને નૌસેના સંપૂર્ણ સજ્જ છે તેમ સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ(સ્વાક) ગાંધીનગર ખાતે ૮ ઓકટોબરે- ૮૩મા વાયુ સેના દિવસ નિમિત્તે સંદેશો આપતા AVSM VM એર માર્શલ શ્રી આર.કે.ધીરે જણાવ્યું હતું.



સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ(સ્વાક) ગાંધીનગર ખાતે વાયુ સેના દિવસની ઉજવણી નિમિત્તે સ્વાકના વાયુ સેના ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ શ્રી ધીરે વધુમાં જણાવ્યું હતું કે સમયની સાથે ભારતીય વાયુ દળને અત્યંત આધુનિક બનાવવાની પ્રક્રિયા સતત ચાલી રહી છે તેમજ નવીન પ્રોજેકટો ઉપર પણ કામ ચાલી રહયું છે. છેલ્લા વર્ષમાં વાયુ દળે રડાર પદ્ધતિ વિકસાવવા ઉપર ખૂબ જ ભાર મૂકયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત પ્રદેશમાંથી વાયુદળમાં અધિકારીઓની ભરતી માટે ગાંધીનગર ખાતે વાયુ સેના ભરતી બોર્ડ અને એરમેનની ભરતી માટે વડોદરા ખાતે વાયુ સૈનિક ભરતી બોર્ડની સ્થાપના કરાઈ છે. જેનાથી ગુજરાત પ્રદેશના યુવાનોને વાયુદળમાં ભરતી થવા માટે સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ રહી છે.

સ્વાકના કાર્યક્ષેત્રમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગોવાની જમીન અને દરિયાઈ સીમાનો સમાવેશ થાય છે જેની સુરક્ષાની જવાબદારી સ્વાકની છે. સ્વાક દ્વારા કુદરતી આપત્તિઓમાં તાત્કાલીક અસરથી - ઝડપી માનવીય સહાયમા હંમેશા નોંધપાત્ર યોગદાન આપ્યું છે, જેનું ઉત્તમ ઉદાહરણ તાજેતરમાં ગુજરાતના અમરેલી, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓમા આવેલું પુર છે. આ પુરગ્રસ્ત વિસ્તારોમાં વાયુદળે નાગરિકોને બચાવવા, વિવિધ રાહત પેકેટ અને ફુડ પેકેટ આપવા સુધીની કામગીરી ઝડપી અને પૂરા જોશ સાથે નિભાવી છે. વાયુદળે નેપાળમાં આવેલા ભૂકંપ દરમિયાન પણ નાગરિકોની બચાવ કામગીરીના રાહત કાર્ય માટે ‘ઓપરેશન મૈત્રી’ સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.

સ્વાક સતત પોતાના લક્ષ્ય ‘જય શ્રી વીરતે વીરમ્ એટલે વિકટરી ગારલેન્ડ ધ ગેલન્ટ’ મંત્રને સાર્થક કરવા પ્રતિબદ્ધ છે, તેમ એર માર્શલ શ્રી ધીરે વધુમાં જણાવ્યું હતું.

## લાયબ્રેરીયન સેવજીભાઈ રાઠવાનો શોધ નિબંધ રાષ્ટ્રીય અધિવેશનમાં પ્રકાશિત

‘નેકસ્ટ જનરેશન લાઈબ્રેરિયનશીપ’ વિષયે શનિવારે સુરેન્દ્રનગર ખાતે સી.યુ. શાહ યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ દ્વારા સૌપ્રથમ રાષ્ટ્રીય અધિવેશન યોજાયું હતું. આ



અધિવેશનમાં ગાંધીનગરની ચૌધરી કોલેજ ઓફ એજયુકેશનના લાયબ્રેરીયન સેવજીભાઈ બી. રાઠવા, સહાયક સંશોધક અંજના બારોટનો શોધ નિબંધ વ્યાખ્યાન ગ્રંથમાં પ્રકાશિત કરાયો છે. આ સિદ્ધિમાં માર્ગદર્શક ડૉ. કિરીટ શુકલનો પણ મહત્વનો ફાળો રહેલો છે. આ સિદ્ધિને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. ભાવનાબેન પટેલ, કર્મચારીગણે અભિનંદન આપી બિરદાવ્યા છે.

# વીજબીલ ઘટાડવા તથા ઊર્જાના નવા સંશાધનોના વિકાસ માટે કલાઈમેટ ચેન્જ વિભાગ સતત કાર્યરત

ગાંધીનગર, તા. ૭

ગ્લોબલ વોર્મિંગના પરિણામે દેશ-દુનિયાના તાપમાનમાં ભારે ફેરફાર જોવા મળી રહ્યો છે. ક્લાઈમેટ ચેન્જની અસરને ઓછી કરવા ઉર્જા બચત તથા ઉર્જાના નવા સંશાધનોના વિકાસની જરૂરીયાત ઉભી થઈ છે. ગુજરાતે આ બાબતમાં પહેલ કરી સમગ્ર એશિયા ખંડમાં પ્રથમ હોય તેવા અલાયદા ક્લાઈમેટ ચેન્જ વિભાગની સ્થાપના કરી છે. આ વિભાગ ઉર્જા સંરક્ષણ અને ઉર્જાના નવા સંશાધનોના વિકાસ માટે સઘન સ્વરૂપે કાર્યરત છે.

● રાજ્યની ૫૦૦ ઈ-લર્નિંગ શાળાઓમાં કુલ ૫૦૦૦ એલ.ઈ.ડી. ટ્યુબલાઈટ મુકવામાં આવી છે. જેના કારણે શાળાઓના વીજબીલમાં બચત થશે અને શાળાઓના બાળકોને ઉર્જાસંરક્ષણ અંગે જાગૃતિ આવશે.

● રાજ્યના ૩૩ જિલ્લાઓમાં દરેક જિલ્લાના બે-બે તાલુકાઓમાં મામલતદાર કચેરી, તાલુકા વિકાસ અધિકારીની કચેરી, પોલીસ સ્ટેશનમાં ૧૦ કીલો વોટની રૂફટોપ સોલાર સિસ્ટમનું સ્થાપન કરવામાં આવી રહ્યું છે. તે પૈકી ૧૦૯ કચેરીઓમાં સોલાર સિસ્ટમ કાર્યરત થઈ છે. જેના પરિણામે કચેરીઓના વીજબીલમાં ઘટાડો થશે. સાથોસાથ પરંપરાગત વીજળીની બચત થશે.

● રાજ્યના આદિવાસી વિસ્તારોમાં આવેલ નિવાસી આશ્રમશાળાઓમાં કુલ ૪૦ સોલાર વોટર હિટિંગ સિસ્ટમ બેસાડવામાં આવી રહી છે. તે પૈકી ૨૦ સોલાર વોટર હિટિંગ સિસ્ટમ કાર્યરત થઈ ગઈ છે. જેના પરિણામે આદિવાસી વિસ્તારમાં આવેલ આશ્રમશાળાઓમાં બાળકોને ગરમ પાણીની સગડતા બારે માસ મળશે અને સંસ્થાના વીજબીલ અને ઘરેલુ ગેસ, લાકડા વગેરેમાં પણ બચત થશે.

● રાજ્યના ૩૩ જિલ્લાઓમાં દરેક જિલ્લા દીઠ એક બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે પૈકી ૧૯ નવા બાયોગેસ પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે.

● ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના દેશ અને વિદેશમાં થયેલ પડકારોનો સામનો કરવા માટે તે અંગે સંશોધન થાય તે માટે રાજ્ય સરકાર “સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ક્લાઈમેટ ચેન્જ”ની નામાંકિત પી.ડી.પી.યુ. યુનિવર્સિટી ખાતે ઉભુ કરવા જરૂરી વહીવટી મંજૂરી આપી છે. પરિણામે ક્લાઈમેટ ચેન્જ અંગે વધુ સંશોધનો કરી શકાશે.

● રાજ્યે પુનઃ પ્રાપ્ય ઉર્જામાં આગવી પહેલ કરી છે. પરિણામે ૨૧૬ મેગાવોટ કેપેસીટીના નવા પવનઉર્જા પ્લાન્ટ કાર્યરત કરી, પવન આધારિત પાવર પ્લાન્ટની કુલ કેપેસીટી ૩૭૬૪ મેગાવોટ થયું છે. જ્યારે સૌર ઉર્જામાં કુલ ૧૦૩૫ મે.વો.ની કેપેસીટી થઈ છે.

● પુનઃ પ્રાપ્ય ઉર્જામાં વિકાસ અંગે ભારત સરકારના ન્યુ અને રીન્યુએબલ એનર્જી મંત્રાલયના સચિવના અધ્યક્ષસ્થાને “નેશનલ મીટ ઓન રીન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટમેન્ટ” અંગેનો એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં એરડા, ફીક્કી, સીઆઈઆઈના પ્રતિનિધિઓ, દીવના ઉર્જા સચિવ અને નાણાંકીય સંસ્થાઓ/ બેંકો તથા આ કામગીરી સાથે સંકળાયેલ ૪૦થી વધુ કંપનીઓના ૧૦૦થી વધારે પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

● ધી એસોસીએશન ઓફ રીન્યુએબલ એનર્જી એજન્સીસ ઓફ ધી સ્ટેટસ (એરિયાસ) દ્વારા ૨૭ ઓગષ્ટ ૨૦૧૫ના રોજ બેંગલોર ખાતે યોજાયેલ સમારંભમાં ભારત સરકારના ઉર્જા મંત્રી શ્રી પિયુષ ગોયલ દ્વારા ગુજરાતમાં પુનઃ પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરવા માટે ક્લાઈમેટ ચેન્જ વિભાગ હેઠળના જેડાને કુલ ૮ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

● વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૪ દરમ્યાન સૌર અને પવન આધારિત પાવર પ્લાન્ટ કાર્યરત કરવાની ઉલ્લેખનીય કામગીરી સબબ પુનઃ પ્રાપ્ય ઉર્જા ઉત્પાદનમાં સર્વોત્તમ કામગીરી બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

● પ્રવર્તમાન ગુજરાત સરકારનું એક વર્ષ પુરૂ થયાની ઉજવણીના ભાગરૂપે ક્લાઈમેટ ચેન્જ વિભાગે ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા) મારફત તા. ૨૫-૫-૨૦૧૫ના રોજ ગાંધીનગર ખાતે મહિલાઓ માટે ઉર્જા સંરક્ષણ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવેલુ હતુ.

# ખેલૈયાઓમાં ઓક્સોડાઈઝના બદલે ઉની બનાવટના દાગીનાનો ક્રેઝ

નવલી નવરાત્રીનું કાઉનડાઉન શરૂ થઈ ગયું છે. નગરનું નવ યૌવન મન મુકીને ગરબે ઘુમવા સજ્જ થઈ રહ્યું છે. ગરબાની અવનવી સ્ટાઈલ સાથે સોળે શણગાર સજી ગરબા મેદાનમાં એન્ટ્રી લેવા ખેલૈયાઓ ઉત્સુક બન્યા છે. ખેલૈયાઓમાં કચ્છી ભરત કલાના ડ્રેસની બોલબાલા છે ત્યારે ટ્રેડીશનલ ડ્રેસ સાથે ઓર્નામેન્ટસની પેટર્નમાં પણ બદલાવ જોવા મળી રહ્યું છે. જેમાં ઓક્સોડાઈઝના બદલે ફેબ્રીક કલા કૃતિના ઓર્નામેન્ટનું ક્રેઝ જોવા મળી રહ્યું છે. બજારમાં પણ ફેબ્રીક બનાવટના ઓર્નામેન્ટની ખરીદી માટે ગરબા પ્રેમીઓનો ઘસારો જોવા મળી રહ્યો છે. બજારમાં ૫૦૦ થી લઈ ૧૫૦૦ સુધીના ફેબ્રીક ઓર્નામેન્ટસનું વેચાણ થઈ રહ્યું છે. ઉની બનાવટના ઘરેણાંથી સજ્જ થવા ખેલૈયાઓ ઉત્સુક બન્યા છે.



નવરાત્રી નજીકમાં છે. નવયૌવન ગરબે ઘુમવા થનગની રહ્યું છે. સોળેશણગાર સજી ગરબે ઘુમવા ખેલૈયાઓ અંતિમ તબક્કાની તૈયારીમાં છે. ગરબા મેદાનમાં ટ્રેડીસનલ લુકને વધુ ભવ્ય બનાવવા ખેલૈયાઓ મથામણ કરી રહ્યા છે. આ વખતે નવરાત્રી દરમ્યાન ખેલૈયાઓ કચ્છી ભરત કામના ભાતિગળ વસ્ત્રોમાં સજ્જ જોવા મળશે. જ્યારે ટ્રેડિસનલ ડ્રેસની સાથે તેને અનુરૂપ નવી પેટન્ટના ઓર્નામેન્ટસ પણ બજારમાં ઉપલબ્ધ છે. ખેલૈયાઓમાં કચ્છી વર્કના ડ્રેસીસ સાથે ઉની બનાવટના ઘરેણાનું ક્રેઝ જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ગરબે ગુમનારાઓમાં ઓક્સોડાઈઝના ઓર્નામેન્ટસ પહેરવાનો ટ્રેન્ડ વિશેષ રૂપે જોવા મળતો હતો. પરંતુ આગામી નવરાત્રીમાં ખેલૈયાઓ ઉની બનાવટના ઘરેણાથી સજ્જ થઈ ગરબે ઘુમતા જોવા મળશે. ખેલૈયાના મત મુજબ ઓક્સોડાઈઝ ઓર્નામેન્ટસ આઉટઓફ ફેશન થતા જાય છે. ટ્રેડિશનલ ડ્રેસમાં કચ્છી ભરતકામ ભાતીગળ વસ્ત્રો પર પસંદગી ઉતારવામાં આવી રહી છે. ત્યારે ડ્રેસને અનુરૂપ ઉની ઘરેણાંની પણ બોલબાલા વધી ગઈ છે. શહેરના બજારોમાં ઉની દાગીનાનો ધૂમ વેચાણ થઈ રહ્યું છે. નવીન પ્રકારના આ ટ્રેડિશનલ ઓર્નામેન્ટસની કિંમત ઓક્સોડાઈઝના પ્રમાણમાં ત્રણ ગણી વધુ છે. બજારમાં ઉની દાગીનાની અવનવી વેરાઈટીઝ ઉપલબ્ધ છે. જેમાં કાપડના સેટ, બલૈયા, કમરબંધ હાથના પોચા, કડા, બંગડીઓ સહિતની વેરાઈટીઝનું વેચાણ થાય છે. ઉની બનાવટના ઘરેણાના સેટની અંદાજિત ૫૦૦થી ૨૦૦૦ સુધીની કિંમતમાં વેચાય છે. જેની સામે ઓક્સોડાઈઝ એસેસરીઝનું ભાવ પ્રમાણમાં ઓછા છે. આમ છતાં ખેલૈયાઓમાં હવે તેનો ક્રેઝ ઓસરી રહ્યો છે. નવરાત્રી દરમ્યાન ગરબા મેદાનમાં રોજબરોજ પોતાના પરફોમસના આધારે પ્રાઈઝ મેળવવા પણ ઉત્સુક હોય છે. ત્યારે ગરબાના અવનવા સ્ટેપ્સ સાથે ખેલૈયાઓ પોતાના ડ્રેસીંગ માટે પણ વિશેષ જાગૃત બન્યા છે.



## ફેબ્રિક બનાવટના ઓર્નામેન્ટસનો ભાવ ત્રણ ઘણો વધુ : ટ્રેડીશનલ ડ્રેસની સાથે એસેસરીઝની પેટર્ન પણ બદલાઈ : ખેલૈયાઓની ડ્રેસીંગ સેન્સમાં બદલાવ : નવો ટ્રેન્ડ કેળવાયો